# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-02-2026 Day: Wednesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## કચ્છમાં મતદારોની સંખ્યા

ભારતના ચૂંટણી પંચે સાડા ત્રણ મહિનાના સઘન સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન ઝુંબેશ બાદ ગુજરાત માટે અંતિમ મતદાર યાદી સત્તાવાર રીતે જાહેર કરી છે. **1** જાન્યુઆરી, **2026** ની લાયકાતના આધારે, રાજ્યમાં કુલ મતદાર સંખ્યા હવે **4** કરોડ **40** લાખ **30** હજાર **725** થયા છે, જેના પરિણામે ડ્રાફ્ટ યાદીના પ્રકાશન પછી **5** લાખ **60** હજાર મતદારોનો વધારો થયો છે.

મુખ્ય ચૂંટણી અધિકારી હરિત શુક્લાએ જણાવ્યું હતું કે ચોકસાઈ સુનિશ્ચિત કરવા માટે **50** હજારથી વધુ બૂથ લેવલ અધિકારીઓએ ઘરે ઘરે જઈને સર્વેક્ષણ કર્યું હતું.

તો કચ્છમાં હવે **14** લાખ **95** હજાર મતદારો આખરી મતદારયાદી બાદ નોંધાયા છે. ડ્રાફ્ટ મતદારયાદી પછી **19** હજાર જેટલા મતદારો વધ્યા છે. સરની કામગીરી હાથ ધરાઈ તે પૂર્વે કચ્છમાં **16**લાખ **90** હજાર **584** મતદાર હતા. હંગામી મતદારયાદી પછી કુલ્લ **19** હજાર **376** મતદારોનો ચોખ્ખો વધારો થયો છે. આગામી ચૂંટણીઓમાં કચ્છમાં **14,95,785** મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.આખરી મતદારયાદી બાદ કચ્છમાં સૌથી વધુ મતદારો ભુજ વિધાનસભા મતક્ષેત્રમાં નોંધાયા છે. તો સૌથી ઓછા મતદારો રાપર મતવિસ્તારમાં નોંધાયા છે.

**------------------------------------------------------------------------------------------**

## કૃષિમંત્રી – ડિજિટલ સાથી

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે ખેડૂતોને સશક્ત બનાવવા અને તેમને આર્થિક રીતે મજબૂત બનાવવા માટે આધુનિક ટેકનોલોજી સાથે જોડવા આવશ્યક  છે. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર આ વિઝન સાથે સતત નવી પહેલો શરૂ કરી રહી છે. કેન્દ્રીય મંત્રીએ ગઈકાલે  જયપુરમાં ખેડૂતોના ડિજિટલ સાથી, 'ભારત વિસ્તાર' લોન્ચ કર્યા પછી એક કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે આ પહેલનો હેતુ ખેડૂતોને સ્માર્ટ, સશક્ત અને માહિતગાર બનાવવાનો છે. હવે, એક જ પ્લેટફોર્મ દ્વારા, ખેડૂતો પાક આધારિત વૈજ્ઞાનિક સલાહ, મંડીના ભાવ, હવામાન અપડેટ્સ અને અન્ય મુખ્ય માહિતી મેળવી શકે છે. તેમણે કહ્યું કે આ બધી માહિતી ખેડૂતોને તેમના મોબાઇલ ફોન પર એક જ કોલ દ્વારા ઉપલબ્ધ થશે.

----------------------------------------------------------------------------------------

## ગુજરાત વિધાનસભા

ગુજરાત વિધાનસભામાં આજે નાણામંત્રી કનુભાઈ દેસાઈ વર્ષ 2026/27 નાં વર્ષનું અંદાજપત્ર રજૂ કરશે. તેઓ સતત પાંચમી વખત રાજ્યનું અંદાજપત્ર રજૂ કરશે. અંદાજપત્ર ચાર લાખ કરોડ નું  હશે તેવું માનવામાં આવે છે

----------------------------------------------------------------------------------------

## પરીક્ષાઓની પૂર્વ તૈયારીઓ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા યોજાનારી એસએસસી અને એચએસસીની જાહેર પરીક્ષાઓ માટેની પૂર્વ તૈયારીઓ આખરી તબક્કામાં પહોંચી છે, ત્યારે આ પરીક્ષાનાં આયોજનને સૂચારુ રીતે પરિપૂર્ણ કરવા સંચાલકો, સરકારી પ્રતિનિધિઓ અને વહીવટી મદદનીશોની તાલીમ યોજાઈ હતી. તાજેતરમાં યોજાયેલી વીડિયો કોન્ફરન્સમાં બોર્ડના સચિવ અને કેબિનેટ શિક્ષણમંત્રી પ્રદ્યુમન વાજા અને રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી રિવાબા જાડેજાએ આગામી બોર્ડની પરીક્ષાનાં સૂચારુ સંચાલન માટે જરૂરી સૂચનો કર્યાં હતાં, સ્થાયી પરીક્ષા સમિતિના અધ્યક્ષ અને કચ્છ કલેક્ટર આનંદ પટેલે તમામ તંત્રોને સંકલન સાધી સુપેરે પરીક્ષા પાર પાડવા અનુરોધ કર્યો હતો.

---

## શોધ યોજનાઓ માટે અરજીઓ

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે રાજ્યની માન્ય યુનિવર્સિટીમાં પૂર્ણ સમયના પી.એચ.ડી. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાવાળા સંશોધન માટે પ્રોત્સાહન આપવા શોધ યોજના શરૂ કરી છે. જેના માટે લાયકાત પ્રાપ્ત વિદ્યાર્થીઓ 19 ફેબ્રુઆરીથી 4 એપ્રિલ સુધી નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત, અમદાવાદની વેબસાઈટ **shodh.gujarat.gov.in/** પરથી ઓનલાઈન ફોર્મ ભરી શકશે.

કચ્છ યુનિવર્સિટીના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ વિભાગના વડા અને શોધ યોજનાના નોડલ ઓફિસર ડૉ. ગૌરવ ચૌહાણે જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ વિદ્યાર્થીઓને મહત્તમ બે વર્ષ માટે માસિક ₹15 હજારની સ્ટાઈપેન્ડ અને વાર્ષિક ₹20 હજારની અનુસંગીય સહાય મળશે. યુનિવર્સિટીમાં 2019થી આ યોજનાનો લાભ પાંચ બેચના 75 વિદ્યાર્થીઓએ લીધો છે.

---

## રાપર ખાતે મધ્યાહન ભોજન કેન્દ્રો માટે નિમણૂક

રાપર તાલુકાની શાળાઓમાં પ્રધાનમંત્રી પોષણ યોજના કેન્દ્રો પર દ્વિતીય શૈક્ષણિક સત્ર માસ ફેબ્રુઆરીમાં વર્ષ ૨૦૨૫-૨૬ માટે ખાલી પડેલ મધ્યાહન ભોજન કેન્દ્રો માટે સંચાલકોની જગ્યા તદ્દન હંગામી ધોરણે નવી નિમણુંક કરવામાં આવશે. આ માટે નિયત નમુનામાં તા.૨૭/૦૨/૨૦૨૬ સુધીમાં મળે તે રીતે અરજી મંગાવવામાં આવી છે. પ્રધાનમંત્રી પોષણ યોજનાના સંચાલકની નિમણુંક સરકારશ્રીના ધારાધોરણો અને લાયકાતના આધારે કરવામાં આવશે.

---

## T-20 વિશ્વ કપ

ટી 20 વિશ્વકપમાં ગ્રુપ એમાં આજે ભારતનો અંતિમ મુકાબલો નેધરલેન્ડ સાથે થશે. અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરની મેચ સાંજે સાત વાગ્યે શરૂ થશે. ભારતીય ટીમે ગ્રુપ સ્પર્ધા માં અમેરિકાને 29 રન નામિબિયાને 93 રન અને પાકિસ્તાનને 63 રનથી હરાવી સુપર આઠમાં પ્રવેશ મેળવી લીધો છે.

---